

### વડીલોને વંદન
### અભિનંદન



અજીતસિંહ નાગજીભાઈ ભટ્ટી (૧૯૪૮) ફોન: ૨૩૨૬૦૫૫૪



જીવનલાલ લક્ષ્મીચંદ શાહ (૧૯૪૪) મો. ૯૪૨૬૭૦૯૭૩૬

## માથાભારે આચાર્યની બદલી કરવાની માંગ સાથે પાંચ મહુડીયા
# પ્રાથમિક શાળાને છેલ્લા ત્રણ દિવસથી તાળુ મારી દેતા ગ્રામજનો

**જુના આચાર્યે પોતાની પત્ની અને પુત્રવધુનો ઉપયોગ કરી નવા આચાર્યને બદનામ કરવાની કોશીષ કરતા ગ્રામજનો આંદોલનના માર્ગે : પાંચ મહુડીયા પ્રા.શાળામાં જ.જ.ફ્ર ની ગ્રાંટનો હિસાક માંગતા મચેલી બબાલ : S.M.C. ના અધ્યક્ષ તથા સભ્યો અને ગ્રામજનોએ આચાર્યની બદલી ન થાય ત્યા સુધી શાળા ખુલવા ન દેવાના હઠાગ્રહ ઉપર : ચૂંટણીમાં પ્રત્યાઘાત ન પડે તે માટે સમગ્ર પ્રકરણ દબાવી દેવાનો ઉચ્ચ કક્ષાએથી શરૂ થયેલ પ્રયાસ : ટી.એમ.સી અને આચાર્યની મીલી ભગતથી ગ્રાંટની રકમમાં ભ્રષ્ટાચાર કર્યાની ચર્ચા**

ઉમરેઠ તા. ૨૩

લોકસભાનું ઈલેકશન માથે છે ને સમગ્ર તંત્ર ચૂંટણીના મહાપર્વને હેમખેમ પાર પાડવા વ્યસ્ત બનેલ છે તેવા સમયે ઉમરેઠ તાલુકાના ખાંખણપુરા ગામના પરા વિસ્તાર પાંચ મહુડીયા ગામની પ્રાથમીક શાળાને ગ્રામજનોએ છેલ્લા ત્રણ દિવસથી તાળં મારી શૈક્ષણિક પ્રક્રિયા થંભાવી દેતા હોબાળો મચી જવા પામ્યો છે. આ બનાવ કોઈ મોટુ સ્વરૂપ ધારણ ન કરે તે માટે તાલુકા તથા જીલ્લા કક્ષાના અધિકારીઓમાં દોડધામ મચી જવા પામી છે.હાલ ગ્રામજનોને સમજાવાના અથાગ પ્રયાસો ચાલી રહયા છે પરંતુ શાળાના જુના આચાર્યનીતાત્કાલીક બદલી નહી થાય ત્યાં સુધી શાળા નહી ખુલવા દેવાનો હઠાગ્રહ કરતા અધિકારીઓ મુઝવણમાં મુકાઈ ગયાના અહેવાલ પ્રાપ્ત થયા છે.



આ સમગ્ર પ્રકરણ અંગે રૂબરૂ સ્થળ મુલાકાત કરતા જાણવા મળ્યુ હતુ કે સરકારશ્રી ના નવા પરીપત્ર મુજબ સીનીયોરીટી પ્રમાણે આચાર્ય નકકી કરવાના હોય છે. ત્યારે ઉમરેઠ તાલુકાના ખાંખણપુરા ગામ પાસે આવેલ પાંચ મહુડીયા ગામે પ્રાથમીક શાળાના આચાર્ય બાબુભાઈ.પી.વાઘેલા કહેવાય છે કે આચાર્ય પદ છોડવા તૈયાર ન હતા. છેલ્લા દશ વર્ષથી અત્રેની પ્રા.શાળામાં તેઓ નોકરી કરી રહયા છે. તે દરમ્યાન અવારનવાર વિવાદો થતા હતા.આ શાળાના એસ.એમ.સી અધ્યક્ષ ફત્તેસિંહના જણાવ્યા મુજબ તેમજ લેખિત ઠરાવમાં કરેલ ઉલ્લેખ મુજબ ૨૦૧૧-૧૨ ની એસેએસએ ની રૂા ૬.૨૮ લાખની ગ્રાંટનો હિસાબ આચાર્ય પાસે અવારનવાર માગ્યા છતાં આપતા નથી તેમજ આ ગ્રાંટમાંથી બનાવેલ ઓરડાનું બાંધકામ અધુરૂ છે.તેમજ આચાર્ય એસ.સીના હોવાથી ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપતા હોવાનો પણ ઠરાવમાં ઉલ્લેખ કરાયો છે. આ દરમ્યાન શાળામાં નવા આવેલા શિક્ષક સરકારના નવા પરીપત્રના નીયમ મુજબ આચાર્યનુ પદ મેળવવા પાત્ર થતાં જુના આચાર્ય પોતાનું પદ છોડવા તૈયાર ન હતા અને નવા શિક્ષક સામે પોતાની પત્ની અને પુત્રવધુનો ઉપયોગ કરી બદનામ કરવાનો પ્રયાસ કરતા તેમજ ગાડીના કાચ તોડી નાખતાં એસ.એમ.સીના સભ્યો તેમજ ગ્રામજનો નવા શિક્ષકની વહારે આવી પ્રાથમીક શાળાને તાળાબંધી કરતા સમગ્ર જીલ્લામાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. ગ્રામજનો ધ્વારા છેલ્લા દશ વર્ષ દરમ્યાનની ગ્રાંટોનો હિસાબ બાકી રહેલા કામોના કારણો અંગે જુના આચાર્ય સામે શિક્ષાત્મક કાર્યવાહી તેમજ તાત્કાલીક બદલી નહી તો અમર્યાદિત સમય સુધી તાળાબંધીનો કાર્યક્રમ અમલી કર્યાની માહીતી પ્રાપ્ત થયેલ છે.



## આજે જૂના એમ.એલ.એ. કવાટર્સ સે-૧૭માં સુંદરકાંડ પાઠ

ગાંધીનગર, તા.૨૩

રામ ચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડ કથા-પાઠ કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે આજ રોજ ગુરુવારે રાત્રે ૮-૦૦ વાગે પ્લોટ નં. ૭૨/૫, છ ટાઈપ, જૂના એમ.એલ.એ. કવાટર્સ સે-૧૭ ખાતે ભરત સુથારના યજમાન પદે યોજવામાં આવશે. ભાવિ ભકતોને લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ધનસુરામાં મહાપ્રભુજીનો પ્રાદુર્ભાવ મહોત્સવ ૨૫મીએ યોજાશે

ધનસુરા, તા. ૨૩

શ્રીમદ્ વલભાચાર્ય સરણ મહાપ્રભુજીનો ૪૩૯મો પ્રાદુર્ભાવ મહોત્સવ આવતીકાલ તા. ૨૫મીએ ધનસુરા નગરમાં યોજાશે.

આ મહોત્સવના મંગળા સવારે ૭ થી ૮ કલાકે શૃંગાર, ૯.૩૦ થી ૧૦ રાજભોગ ૧૧ થી ૧૨ રાજભોગમાં તિલક દર્શન તેમજ સાંજે ભવ્ય શોભાયાત્રા યોજાશે. જેમાં મોટી સંખ્યામાં વૈષ્ણવભાઈ બહેનો જોડાશે. જ્યારે મોડી સાંજે કલાકારો ભજન-કિર્તનની રમઝટ બોલાવશે.

(તસવીર : ભરત પરમાર, ધાનેરા)



લોકસભા ચૂંટણી ૨૦૧૪ને લઈ બનાસકાંઠાના ધાનેરામાં ચૂંટણી ફરજ અદા કરતા પોલીસકર્મી અને હોમગાર્ડ જવાનો મળી બે દિવસ સુધીમાં કુલ ૧૪૧ લોકોએ મતદાન કર્યુ હતું. આ મતદાન કાર્યક્રમ ધાનેરા મામલતદાર કચેરી પર યોજાયો હતો.

# પાટણના ૭૧ ગામોમાં ૨૪ થી ૨૭ એપ્રિલ દરમિયાન મતદાન જાગૃતિ રથ ફરશે

પાટણ, તા. ૨૩

આગામી ૩૦ એપ્રિલ, ૨૦૧૪ના રોજ યોજાનાર લોકસભા સામાન્ય ચૂંટણીમાં ૩-પાટણ સંસદીય મત વિસ્તારમાં વધુમાં વધુ મતદારો મતદાન કરે તે માટે મતદારોમાં જાગૃતિ લાવવા સારૂ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. ગત લોકસભાની ચૂંટણી દરમિયાન જે ગામોમાં મતદાન ઓછુ થયું હતું, તે ગામોમાં જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદારોને મતદાન માટે પ્રેરીત કરવા ૨૪ એપ્રીલથી ૨૭ એપ્રીલ દરમિયાન મતદાન જાગૃતિ રથ ફરનાર છે.

જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ૭૨ ગામો મતદાન જાગૃતિ રથના રૂટ આવરી લેવા સારૂ ૫ રૂટનું આયોજન કરેલ છે. ૧૮-પાટણ વિધાનસભા મતદાર વિભાગમાં તા. ૨૪-૪-૨૦૧૪ના રોજ કતપુર, ખારીવાવડી, ખાનપુર (રાજકુવા), ચંદુમાણા, કુણઘેર, તા. ૨૫-૪-૨૦૧૪ના રોજ સરીયદ, સાંપ્રા, ગોલીવાડા, તા. ૨૬-૪-૨૦૧૪ના રોજ પાટણ, લોધી, વેલોડા, વાયડ, તા. ૨૭-૪-૨૦૧૪ના રોજ વડલી, અજીમણા, ડેર, મણુંદ ગામોમાં મતદાન જાગૃતિનો રથ ફરશે.

૧૯-સિદ્ધપુર વિધાનસભા મતવિસ્તારમાં ૨૪મી એપ્રીલના રોજ વામૈયા, વડુ, કાનસણ, ગણેશપુરા, તા. ૨૫મી એપ્રીલના રોજ વાગડોદ, ભાટસણ, મુના, વહાણા, તા. ૨૬મી એપ્રીલના રોજ મેળોજ, સિદ્ધપુર, લાલપુર, તા. ૨૭મી એપ્રીલના રોજ કાકોશી, સેદ્રાણા, ખોલવાડા ગામોમાં મતદાન જાગૃતિનો રથ ફરશે.

૧૭-ચાણસ્મા અને ૧૬-રાધનપુર વિધાનસભા મતવિસ્તારમાં તા. ૨૪-૪-૧૪ના રોજ મેણા, મોટીચંદુર, ખીજડીયારી, લોલાડા, તા. ૨૫-૪-૧૪ના રોજ નાયકા, કુંવર, તારાનગર, પંચાસર, તા. ૨૬-૪-૧૪ના રોજ શંખેશ્વર, પાડલા, ધનોરા, ટુવડ તથા તા. ૨૭-૪-૨૦૧૪ના રોજ રાકુ, લાલપુર, બાબરી, ચાંદરણી ગામોમાં મતદાન જાગૃતિ રથ ફરશે.

તા. ૨૪-૪-૧૪ના ચાણસ્માના તાલુકાના સેવાળા, કંબોઈ, મણીયારી, સુણસર, ધીણોજ, તેમજ હારીજ તાલુકાના તા. ૨૫ એપ્રીલ ૨૦૧૪ના રોજ જમણપુર, ગોવાના, તંબોળિયા ગામોમાં મતદાન જાગૃતિ રથ ફરશે.

સાંતલપુર તાલુકાના લીમગામડા, અબિયાણા, અમરાપુર, તા. ૨૪-૪-૨૦૧૪ના રોજ બકુત્રા, બરારા, એવાલ, વૌવા, મઢુત્રા ગામોમાં તા. ૨૫-૪-૨૦૧૪ના રોજ, પાટણકા, બાબરા, બાવરડા, પર, સાંતલપુર, તા. ૨૬-૪-૨૦૧૪ના રોજ અને તા. ૨૭-૪-૨૦૧૪ના રોજ મોટીપીપળી, દેલાણા, ગોતરકા, ધોળકડા, અગિચણા ખાતે મતદાન જાગૃતિ રથ ફરશે.

મતદાન જાગૃતિ રથ ગામમાં આવે તે દરમિયાન ૧૦૦ વર્ષથી ઉપરની ઉંમર હોય તેવા શસક્ત મતદાર ઉમેદવારને ખાસ નિમંત્રિત કરી યુવા પેઢીને મતદાન કરવા સારૂ ખાસ પ્રોત્સાહીત કરાશે. આ ઉપરાંત જે ગામમાં મતદાન જાગૃતિ રથ રાત્રી રોકાણ કરનાર છે ત્યાં ભવાઈ દ્વારા મતદારોને જાગૃત કરવામાં આવનાર છે.

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

### કંપની સમાચાર

## ઈન્ડિયન મેડિકલ એસોસિએશને વર્ષ ૨૦૧૪ માટે હેલ્થ એજન્ડા અને વિઝનની જાહેરાત કરી

### મતદાન કરીને આવેલા દર્દીઓને એક સપ્તાહ સુધી કન્સલટેશન ફીમાં ૨૫ ટકા ડિસ્કાઉન્ટ

ઈન્ડિયન મેડીકલ એસોસિએશન (આઈએએમએ)એ લોકસભાની ચૂંટણીમાં મતાધિકારનો ઉપયોગ કરવા પ્રોત્સાહન આપવા ઝૂંબેશ શરૂ કરી છે. જે મુજબ મતદાન કરીને આવેલા દર્દીઓને ચૂંટણી પછીના એક સપ્તાહ સુધી કન્સલટેશન ફીમાં લઘુત્તમ ૨૫ ટકા ડિસ્કાઉન્ટ આપવાની જાહેરાત કરવાની સાથે વર્ષ ૨૦૧૪ માટે આઈએમએ હેલ્થ એજન્ડા અને વિઝનની જાહેરાત કરી છે, જેનો ટૂંક સાર નીચે પ્રમાણે છે.

● ભારતના પ્રત્યેક નાગરિકને મૂળભુત અધિકાર તરીકે આરોગ્યની સુવિધા મળવી જોઈએ : પ્રાથમિક અને ઈમરજન્સી આરોગ્ય સેવા ચોવીસે કલાક મળવી જોઈએ અને તે મફત હોવી જોઈએ. સેકન્ડરી અને ટેરીટરી કેર ગુણવત્તાસભર, કિફાયતી, અસરકારક અને સલામત હોવી જોઈએ.

● કેન્દ્ર સરકારમાં નવો સેલ રચવો જોઈએ, જેમાં વિવિધ મંત્રાલયોનું પ્રતિનિધિત્વ હોવું જોઈએ.


સરકારની પ્રત્યેક કમિટીમાં આઈએમએના સભ્યોનો સમાવેશ કરવો જોઈએ અને રાજ્યસભામાં તેમને નોમિનેટ કરવા જોઈએ.

● તમામ લોકોને આવશ્યક દવાઓ અને તપાસ સુવિધા મફત ઉપલબ્ધ થવી જોઈએ : સારવારનો ૭૦ ટકા ખર્ચ દવાઓ પાછળ જાય છે. આજે, સરકાર દરેક વ્યક્તિને ૨૦૦ આવશ્યક દવા નિઃશુલ્ક પુરી પાડવા વિચારણા હેઠળ છે.

● વિવિધ બ્રાન્ડમાં ખર્ચ તફાવત ન હોવો જોઈએ : દવાનું જેનેરિક નામ બોલ્ડ કેપિટલ અક્ષરોમાં લખાયેલું હોવું જોઈએ.

● તમામ જરૂરી મેડીકલ ઈક્વિપમેન્ટસ માટે જકાતમુક્ત આયાતને મંજૂરી આપવી જોઈએ. જો કે, જિલ્લામાં ડાયનોસ્ટીક સર્વિસનું સરળીકરણ કરવું જોઈએ, જેથી લોકોને કિફાયતી ભાવે આરોગ્ય સેવા આપી શકાય.

## શબ્દાવલી - ૫૩૭૬



### આડી ચાવી

૧. આવક ઉપર લેવાતો કર (૫)
૪. એક ચકોર દૃષ્ટિ ધરાવતું પંખી (૨)
૬. ઇચ્છા (૩)
૭. પાંચ પાંડવોમાં... અને સહદેવ માદ્રિ પુત્રો હતા (૩)
૮. સાહસિક, કુશળ (૨)
૯. કૃષ્ણના મામા (૪)
૧૧. જેમ કા પુરૂષ હોય તેમ, મન ખરાબ હોય તો... કહી શકાય (૪)
૧૨. ચુક, ભુલ (૩)
૧૩. ગુસ્સો, વેર (૨)
૧૪. સુંવાળુ (૨)
૧૫. પાક, લહેરાતો (૨)
૧૬. ગધેડો, રાવણનો એક ભાઇ (૨)
૧૭. રસવાળી જમીન (૩)

### ઊભી ચાવી

૧. મરણ સુધી, જીવન પર્યંત (૫)
૨. પતિ, ધણી (૨)
૩. ઝગડા (૬)
૪. કાણું (૨)
૫. બધે પાણી પાણી થઇ ગયું હોય તેવું (૬)
૭. કુમળાશ (૪)
૮. બલુન, અવકાશયાન (૩)
૧૦. સુધારવું તે ખાસ કરીને મકાન વગેરેમાં સુધારો કરાવવો તે (૫)
૧૨. વાંક-ગુનો (૩)
૧૩. ખલાસ, પુરૂં (૩)
૧૪. માથામાં થાય તેવું જીવડું ટોલાની સાથે (૨)
૧૫. રાષ્ટ્રીય પક્ષી (૨)

### શબ્દાવલી ૫૩૭૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) ગોકળગાય (૫) જળસમાધિ (૭) પલક (૧૦) દુપટ્ટો (૧૧) બાજુ (૧૨) યતિમ (૧૪) પસ (૧૬) રસ (૧૮) આરામ (૧૯) ઘટા (૨૦) રોમેરોમ (૨૧) નાટક

**ઊભી ચાવી :-** (૧) ગોરપદુ (૨) ગાજ (૩) યળ (૪) બંધિયાર (૬) સમજુતિ (૮) લપ (૯) કટોરો (૧૧) બાય (૧૩) મરઘટ (૧૪) પનારો (૧૫) વિરામ (૧૭) સટાક (૧૮) આરો

## આજે રાજ્યમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મત આપવાની અપીલ કરશે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધી આવતીકાલે ગુરૂવારે વલસાડમાં બપોરે ૧:૦૦ વાગે અને ખેરાલુ ખાતે બપોરે ૩:૩૦ કલાકે બે જાહેરસભાઓ સંબોધન કરશે તેમ કોંગ્રેસની યાદી જણાવે છે. જ્યારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસીંગ પણ આવતીકાલે ગુરૂવારે સવારે ૧૦:૪૫ કલાકે કઠલાલ, બપોરે ૩:૩૦ કલાકે ભરૂચ અને રાત્રે ૭:૧૫ કલાકે ભૂજ ખાતે જાહેરસભાઓ સંબોધશે. ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર તથા ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પણ સાંજે ૭:૩૦ કલાકે ગુજરાતમાં તેમના મતવિસ્તાર વડોદરા ખાતે જંગી રેલીને સંબોધન કરશે. ભાજપના પૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ નીતિન ગડકરી પણ ગુજરાતમાં ત્રણ સ્થળોએ સભાઓ કરશે જેમાં સાંજે ૪:૦૦ કલાકે વલસાડ સાંજે ૬ કલાકે નવસારી અને રાત્રે ૮:૧૫ કલાકે અમદાવાદ પૂર્વમાં ગડકરીની જાહેરસભાઓ યોજાશે. ભાજપના સાંસદ અને પૂર્વ ક્રિકેટર નવજોતસિંગ સિધ્ધુ મહેસાણા, પાટણ, વડોદરા, નડિયાદ અને ગાંધીનગરની બેઠક માટે અમદાવાદ ખાતે સભા સંબોધશે. જેમાં ૧૧:૦૦ કલાકે મહેસાણા, બપોરે ૧૨:૦૦ કલાકે પાટણ, બપોરે ૩:૦૦ કલાકે વડોદરા, સાંજે ૫:૦૦ કલાકે ખેડા તથા સાંજે ૭:૦૦ કલાકે ગાંધીનગર સંસદીય ક્ષેત્રમાં જાહેરસભાને સંબોધન કરશે. ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી આવતીકાલે ગુરૂવારે બિહારમાં ત્રણ અને ગુજરાતમાં એક જાહેરસભા સંબોધશે. જેમાં રાત્રે ૭:૩૦ કલાકે તેમના પોતાના મતવિસ્તાર વડોદરાના પોલો ગ્રાઉન્ડ ખાતે એક વિશાલ જાહેરસભાને સંબોધન કરશે. આ ઉપરાંત ભાજપના પ્રદેશ પ્રમુખ આરસી ફળદુ, ચૂંટણી કમ્પેઈન કમિટીના અધ્યક્ષ પરષોત્તમ રૂપાલા, પ્રદેશ અગ્રણીઓ તથા રાજ્ય સરકારના મંત્રીઓ રાજ્યભરમાં વિવિધ સ્થળોએ જાહેરસભાઓને સંબોધન કરશે.

## દેશને મજબૂત

● અનુસંધાન પહેલાનું ચાલુ

કાળુ નાણું જે વિદેશી બેંકોમાં પડયું છે તેના માટે કેમ કંઈ ના કર્યું? ગઈ કાલે સુપ્રિમ કોર્ટે કેન્દ્રને જોરદાર ઝાટકી નાંખ્યું છે. સીટની રચના પણ કોર્ટના આદેશ પછી ના કરી, કોના ખાતાં વિદેશોમાં છે તેની યાદી જાહેર ના કરી. સુપ્રિમ કોર્ટે કાયદો બતાવી આ કરવા કહ્યું છે. તેમણે કોંગ્રેસને આડે હાથ લેતાં જણાવ્યું હતું કે આ ટીકા સાંભળ્યા પછી મને લાગ્યું કે દાળમાં કંઈક કાળુ છે પણ ના આ તો આખી દાળ કાળી છે.

આ ચૂંટણીમાં સત્તાધારી પક્ષને હરાવવા બધા એક થાય પરંતુ પરિસ્થિતિ વિપરીત છે. 'મોદીને રોકો' એવા સૂત્ર સાથે બધા એક થયા છે. તેમણે જણાવ્યું કે આ ચૂંટણી જંગ જનતા જનાર્દન લડે છે. રાજકીય પક્ષોને તો મોદી રોકો એક જ મંત્ર છે પણ ૧૬મી મેના રોજ દુધનું દુધ અને પાણીનું પાણી થઈને રહેવાનું છે.

તેમણે કહ્યું કે સત્તાધારી પક્ષને પસીનો છુટયો છે કે મોદી તો ખેડૂતોની વાત કરે છે રોજગારીની વાત કરે છે. પાણીની વાત કરે છે એટલે મા-દિકરો સવારથી ઉઠીને મોદીને ગાળો દેવા સુવાય કશું જ કરતા નથી. કોંગ્રેસમાં સમજણનો અભાવ છે એટલે મોદી ના મુદ્દાઓના જવાબ નથી આપતા અને ગાળો દેવી તેમજ આડી અવળી વાતો કરી પ્રજાને ગુમરાહ કરવાનો પ્રયાસ કરે છે.

૧૬મી મે પછી નવી રચાનારી સરકાર કોંગ્રેસના તમામ પાપોનો હિસાબ કરીશું જવાબ માંગીશું અને તેમને ખબર પડી ગઈ છે કે હવે તેમની જગ્યા કયાં છે એટલે પસીનો છુટી રહ્યો છે. મુખ્યમંત્રીએ કેન્દ્ર સરકાર પર આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે નર્મદા બંધ પર ગેટ મુકવાની મંજૂરી નથી આપતી આ સરકાર. નર્મદાથી ગુજરાતના વિકાસને વધુ વેગવંતો બનતો જોવા તે આતુર નથી.

લાલકૃષ્ણ અડવાણીની તરફદારી કરતાં તેમણે જણાવ્યું હતું કે અડવાણી મારા પથદર્શક રહ્યા છે. વિકટ સંજોગોમાં તેમણે મને રક્ષા કવચ પુરું પાડી રક્ષા કરી છે. તેઓ બે દાગ છે એટલું જ નહિ તપસ્વી છે તેમની રાજનીતિમાં તપસ્યાનો જોટો જડવો મુશ્કેલ છે. જેટલો અધિકાર ઉત્તર ગુજરાતની જનતાનો મારા પર છે તેટલો જ અધિકાર શ્રી અડવાણીને છે તેમણે અડવાણીને વિજયી બનાવવા અપીલ કરી હતી.

ભારે મતદાનની અપીલ કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સરદારના સ્વપ્નોને સાકાર કરવા માટે ગુજરાતે જ આગેવાની લેવી પડશે. ગરમીની મોસમમાં પણ ગરમીની પરવા કર્યા સિવાય જંગી મતદાન કરો જેથી નવી સરકારની રચના વેળાએ હું કહી શકું કે બધા ગુજરાતી ભાઈ-બહેનોના સંપૂર્ણ સમર્થનથી હું અને મારો પક્ષ આવ્યો છે.

આ પ્રસંગે પૂર્વ સાસંદ નટુજી ઠાકોર, પૂર્વ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલ તથા મહેસુલ મંત્રી આનંદીબેન પટેલે પણ પ્રાસંગિક ઉદબોધન કરી ભાજપની તરફેણમાં સૌને મતદાન કરવા અપીલ કરી હતી.

## સભાની સાથે સાથે

● અનુસંધાન પહેલાનું ચાલુ

● ગરમી વધારે હોવાને કારણે પૂર્વ સાંસદ નટુજી ઠાકોર ભાષણ કરતા ઉભા થયા ત્યારે લોકોએ પંખા ચાલુ કરો તેવી માંગ કરી હતી.

● સભાના સ્થળે ૧૫ હજારથી વધુ ખુરશીઓ ગોઠવવામાં આવી હતી.

● પીવાના પાણીની કરાયેલી વ્યવસ્થા પણ ખોરવાઈ જવા પામી હતી.

● મુખ્યમંત્રી મોદીની સભામાં શ્રીમતિ આનંદીબેન પટેલ, શ્રી કૌશિકભાઈ પટેલ, શ્રી નટુજી ઠાકોર, શ્રી અતુલ પટેલ, શ્રી નવિન બાપુ, શ્રી નવિન પટેલ, શ્રી વાડીભાઈ પટેલ, શ્રી જયંતિલાલ બારોટ, શ્રી નૈલેષ શાહ, શ્રી નીતિન પટેલ, ગાંધીનગરના મેયર અને કાઉન્સીલરો તેમજ સંગઠનના હોદેદારો હાજર રહ્યા હતા.

## દંડ વસુલાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગઈ કાલે બનેલા બનાવ બાદ દાખલ કરાયેલા દર્દીઓને આજે રજા આપી દેવામાં આવી છે. અને તમામ દર્દીઓની સ્થિતિ સારી હોવાનું આરોગ્ય તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગર શહેરમાં ગરમીનો પ્રકોપ એક તરફ વધી રહ્યો છે ત્યાં બીજી બાજુ અખાદ્ય પદાર્થોનું પણ ધુમ વેચાણ કરનારાઓની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. ગરમીના પ્રારંભે જ ફુડ પોઈઝનીંગની બનેલી ઘટનાના પગલે તંત્રએ પણ આજે પોતાની આળસ મરડી છે.

## ૧૧૭ બેઠકો પર મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજસ્થાનમાં પાંચ બેઠકો માટે મતદાન યોજાશે જેમાં અલવર, ભરતપુર, દોશા, ટોંક, સવાઈમાધોપુર, કરોલીનો સમાવેશ થાય છે. પશ્ચિમ બંગાળમાં છ લોકસભાની બેઠક પર મતદાન થશે. ૮૩ લાખ મતદારો રહેલા છે. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પણ પગલા લેવામાં આવ્યા છે. અગાઉના મતદાનના તબક્કા દરમિયાન કોઈ પણ હિંસા વગર રેકોર્ડ ઉંચુ મતદાન થયા બાદ નવા તબક્કામાં આવતીકાલે પણ રેકોર્ડ મતદાન થાય તે માટે ચૂંટણી પંચે કમર કસી છે. તમામ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે

માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે. સંવેદનશીલ મતદાનમથકો પર પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવી ચુક્યા છે. ચૂંટણી સાથે સંબંધિત સામગ્રી સંબંધિત મતદાન મથકો પર પહોંચડી દેવામાં આવી છે. ગઈકાલે ચૂંટણી પ્રચારનો અંતઆવ્યા બાદ ઉત્જેતના વધી ગઈ હતી. આની સાથે જ હવે ઉમેદવારો ઘેર ઘેર જઈને પ્રચાર કરી રહ્યા છે. ૨૪મી એપ્રિલના દિવસે મતદાન યોજાનાર છે. આની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. ગઈકાલે પ્રચારના છેલ્લા દિવસે તમામ સ્ટાર પ્રચારકો છવાયેલા રહ્યા હતા. એક બાજુ આસામમાં સોનિયા ગાંધીએ પ્રચાર કર્યો હતો જ્યારે મહારાષ્ટ્રમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આક્રમક પ્રચારમાં રહ્યા હતા. ૨૪મી એપ્રિલના દિવસે ૧૨ રાજ્યોમાં કુલ ૧૧૭ બેઠકો માટે મતદાન યોજાનાર છે. મતદાનમાં અનેક મોટા માથાના ભાવિનો ફેંસલો થનાર છે. તમામ જગ્યાઓ પર શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા ચૂંટણી પંચ દ્વારા તમામ પગલા લેવામાં આવ્યા છે. હજુ સુધીના મતદાનના તબક્કામાં ખુબ ઉંચુ રેકોર્ડ મેતદાન થયું છે. આ મતદાનમાં અનેક મોટા માથા છે. તમામ રાજ્યોમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મુખ્ય સ્પર્ધા થનાર છે. આ વખતે હિન્દી પટ્ટામાં ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની લહેર જોવા મળી રહી છે. જેથી ભાજપને ફાયદો થઈ શકે છે. રાજસ્થાનમાં તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે રેકોર્ડ અંતરથી જીત મેળવી હતી. આવી સ્થિતીમાં લોકસભાની ચૂંટણીમાં પણ ભાજપ જોરદાર સપાટ બોલાવે તેવી શક્યતા છે.ભાજપ અને કોંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષોના નેતાઓ આજે પ્રચારના છેલ્લા દિવસે તમામ તાકાત લગાવી ચુક્યા છે. પ્રચારનો આજે સાંજે અંત આવી ગયા બાદ સ્ટાર પ્રચારકો આ વિસ્તારમાં પ્રચાર કરી શકશે નહી. નરેન્દ્ર મોદી દરરોજ ભારત વિજય રેલીના ભાગરૂપે સભા કરી રહ્યા છે.ઉત્તરપ્રદેશમાં કેટલીક બેઠકો પર આવતીકાલે મતદાન યોજાનાર છે ત્યારે મોદી વારાણસી બઠક પરથી તેમની ઉમેદવારી દાખલ કરવા માટે વારાણસી પહોંચી રહ્યા છે. મોદી ભાજપની સ્થિતીને વધારે મજબુત બનાવે તેવી શકયતા દેખાઈ રહી છે.

ટચૂકડી જાહેર ખબર

જોઈએ છે

ઉચ્ચક કામ માટે માણસ જોઈએ છે

મો. : ૯૯૦૯૯ ૪૩૬૧૪